# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-04-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## પેટ્રોલ રસાયણ વેરામાં છુટછાટ:

પશ્ચિમ એશિયામાં સંઘર્ષને જોતા કેન્દ્ર સરકારે મહત્વની પેટ્રો-રસાયણ વસ્તુઓ પર આગામી 30 જૂન સુધી સીમા વેરામાં સંપૂર્ણ છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. નવી દિલ્હી પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રાલયની પરિષદમાં કેન્દ્રીય અપ્રત્યક્ષ વેરો અને સીમા વેરા બૉર્ડના સભ્ય સંજય મંગલે કહ્યું, આ નિર્ણય સ્થાનિક ઉદ્યોગ માટે મહત્વના પેટ્રોરસાયણ એકમની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તેમજ દેશમાં પૂરવઠાની સ્થિરતા જાળવી રાખવા એક અસ્થાયી અને લક્ષિત રાહત તરીકે લેવાયો છે.

---

## સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી:

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગઈકાલે વિવિધ જિલ્લામાં કલેક્ટર્સે ચૂંટણી માટેની તૈયારીઓની સમીક્ષા કરી. તેમજ આદર્શ આચારસંહિતાનો કડક અને અસરકારક અમલ સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર આપવામાં આવ્યો.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, કચ્છની નવનિર્મિત ગાંધીધામ મહાનગરપાલિકા, ૫ નગરપાલિકા, જિલ્લા પંચાયતની ૩૮ અને ૯ તાલુકા પંચાયતની કુલ ૪૪૮ બેઠકો માટે આગામી ૨૬મી એપ્રિલે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જ્યારે ૨૮મી એપ્રિલે મતગણતરી સાથે પરિણામો જાહેર કરવામાં આવશે. ૬ઠ્ઠી એપ્રિલથી સત્તાવાર રીતે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે.

વિશેષ મહત્વની બાબત એ વાત એ છે કે ગાંધીધામને મહાનગરપાલિકા અને નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ અહીં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે. જિલ્લાના કુલ ૧૪ લાખ ૫૦ હજાર ૯૩૧ મતદારો આ લોકશાહીના પર્વમાં સહભાગી થશે, જેમાં ૭.૪૮ લાખ પુરુષ અને ૭.૦૨ લાખ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા ૧૯૮૬ મતદાન મથકો પર ૮,૩૫૫ જેટલા પોલિંગ સ્ટાફ અને ૧,૧૭૮ પોલીસ જવાનોની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ચૂંટણીની કામગીરી પર દેખરેખ રાખવા માટે ૧૦ નોડલ અધિકારીઓ સહિત આર.ઓ. અને એ.આર.ઓ.ની નિમણૂક માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે.

---

## રાજ્ય ચુંટણી આયોગ કાર્યાલય કંન્ટ્રોલ રૂમ:

રાજય ચૂટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા/નગપાલિકા/જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ તા. ૨૬ એપ્રિલ-૨૦૨૬ના રોજ યોજાનાર આ ચૂંટણી માટે મતદાન અને મતગણતરીના દિવસોએ રાજ્ય ચૂંટણી આયોગના કાર્યાલય ખાતે કંટ્રોલ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ-ભુજ દ્વારા અપાયેલ અખબારી યાદી મુજબ આ કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર 079 232252072, 079 23252073, 07923258706 છે જયારે ઈ- મેઈલ એડ્રેસ sec-sec@gujarat.gov.in જાહેર કરાયા છે.

---

## મર્ચન્ટ નેવી વીક:

દેશભરમાં મર્ચન્ટ નેવી વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલા, મર્ચન્ટાઇલ મરીન ડિપાર્ટમેન્ટ અને વહાણવટા ક્ષેત્ર સાથે સંકળાયેલી અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામમાં આજે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

63મા નેશનલ મેરિટાઇમ ડેની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ કેમ્પ ગાંધીધામની ટાઇમ્સ ઓફ ઇન્ડિયા સ્કૂલ યોજશે. જેમાં નાગરિકોની વિવિધ આરોગ્ય ચકાસણી કરવાની સાથે તબીબી સલાહ આપવામાં આવશે.આ કાર્યક્રમનો હેતુ મેરિટાઇમ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો તેમજ સામાન્ય નાગરિકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે, તેમ MMD કંડલાના જોઇન્ટ DG અને પ્રિન્સીપલ ઓફિસર કેપ્ટન સંતોષકુમાર દરોકારે આકાશવાણીને જણાવ્યું હતું.

---

## ગુડ ફ્રાઈડે:

આજે ખ્રિસ્તી ભાઈ બહેનો ગુડ ફ્રાઇડ પર્વ ગંભીરતા પૂર્વક મનાવી રહ્યા છે. ભગવાન ઈસુ ખ્રિસ્તને આજે વધ સ્તંભ પર લટકાવી દેવાયા તેની સ્મૃતિમાં આ પર્વ મનાવાય છે. ખ્રિસ્તી દેવળોમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવે છે. ત્રણ દિવસ પછી ઈસુ ખ્રિસ્તે તેમના ભક્તોને દર્શન આપ્યા હતાં. તેની સ્મૃતિમાં રવિવારે ઇસ્ટરના પર્વ ની ઉજવણી થશે.

---

## હવામાન:

હવામાન વિભાગે આગામી બે દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. સાથે જ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. બે ચક્રવાતી પ્રણાલિ અને પશ્ચિમી વિક્ષેપના કારણે વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે કચ્છમાં ભુજ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માવઠાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. સવારથી જ સમગ્ર જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું.પરીણામે મિશ્ર રૂતુ અનુભવાઈ હતી.

---

## કૃષિ મેળો:

કચ્છના ખેડૂતો આત્મનિર્ભર બને તેમજ વાવેતરથી વેચાણ સુધી સીધા બજાર સુધી પહોંચે તેવા સંદેશ સાથે જીલ્લા મથક ભુજ ખાતે આજથી ચાર દિવસ માટે કૃષિમેળો યોજાનાર છે. મિરજાપર રોડ પર પ્રાઇમ લોકેશન ગ્રાઉન્ડના વિશાળ પરિસરમાં વિવિધ ક્ષેત્રના અને જાહેરજીવનના અગ્રણીઓ, પ્રગતિશીલ કિસાન આગેવાનોની ઉપસ્થિતિ વચ્ચે આજે સવારે આ 15માં હાઈટેક કૃષિ મેળાનું ઉદ્ઘાટન કરાશે. પ્રાયોજકો, આયોજકોએ કચ્છભરમાંથી ખેડૂતોને કૃષિમેળાનો લાભ લેવા અપીલ કરી છે.

---------------------------------------------------------------------------------------------

## સેતુ અભિયાન બાલિકા પંચાયત સેમિનાર:

કચ્છમાં સેતુ અભિયાન દ્વારા ગ્રામીણ સ્વશાસન ક્ષમતાવર્ધન અંર્તગત બાલિકા પંચાયતોને સશકત બનાવવાના હેતુથી બે દિવસીય સેમિનાર યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------------